ગાંધીનગર સમાચાર

**મનપાની સ્થાયી સમિતિએ ભરતી નિયમો મંજૂર કર્યા પણ સર્વિસ રૂલ્સને મંજૂરી મોકુફ**

## પંચાયતની ભરતી પરીક્ષાનું પરિણામ જાહેર

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પાંચ સંવર્ગની ૧૦૫ જગ્યા પર ભરતી માટે યોજવામાં આવેલ સ્પર્ધાત્મક પરીક્ષાનું પરિણામ આજે જાહેર કર્યુ છે. જુનિયર ક્લાર્કની ૨૪, તલાટી કમ મંત્રીની ૧૭, ગ્રામ સેવકની ૪૨, મલ્ટીપરપઝ હેલ્થ વર્કરની ૨૨ અને ફિમેલ હેલ્થ વર્કરની ૨૩ જગ્યા માટે ફેબ્રુઆરી માસમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

જુનિયર ક્લાર્ક અને તલાટી કમ મંત્રીની પરીક્ષામાં ઘણુ ઊંચુ મેરીટ આવવા પામ્યુ છે. ૯૦ માર્કસ મેળવનાર પ્રથમ ક્રમે આવેલ છે. આ પરિણામ આજે જાહેર થયા બાદ ટુંક જ સમયમાં સફળતા મેળવનાર પરીક્ષાર્થીઓના વેરીફીકેશન અને અન્ય કામગીરી ટુંકમાં જ સંપન્ન કરી દેવામાં આવશે તેમ પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

## રાજયમાં તલાટી-મંત્રીની બાર હજાર જગ્યા ભરાશે

અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં તલાટી કમ મંત્રીની ૧૨,૦૦૦ જેટલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. પંચાયત રાજયમંત્રી જયંતિભાઈ કવાડિયાએ વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, રાજયના ઈતિહાસમાં પહેલીવાર સો એ સો ટકા જગ્યા ભરાશે અને ગામડામાં છેક છેવાડાના માણસો સુધી રાજય સરકારની તમામ યોજનાઓના લાભો ઝડપથી પહોંચશે.

રાજય સરકારે ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર તૈયાર કર્યું છે, પરંતુ જ્યાં પણ જ્યારે પણ જરૂર જણાશે ત્યાં તાત્કાલિક નિમણૂક કરાશે.



## શહેરમાં ટોમેટિનો ફેસ્ટિવલમાં યુવાધન ઉમટ્યુ

ગાંધીનગર શહેરમાં આ વર્ષે ધૂળેટીના તહેવારે 'ટોમેટિનો' ફેસ્ટિવલના આયોજનનો ટ્રેન્ડ જોવા મળ્યો હતો. શહેરમાં ત્રણેક સ્થળે યોજાયેલા ટોમેટિનો ફેસ્ટિવલમાં ડીજે તથા રેઈન ડાન્સ સાથે ટાંમેટાથી ધુળેટી રમવાનો આનંદ ખેલૈયાઓએ ઉઠાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે હિન્દી ફિલ્મ 'જિદગી ના મિલેગી દોબારા' માં સ્પેનિશ ઉત્સવ ટોમેટિનો દર્શાવાયા પછી ભારતમાં પણ આ ઉત્સવની લોકપ્રિયતા વધી રહી છે. વળી, ભારતની પરંપરાગત હોળીમાં કેમિકલયુક્ત રંગોના ઉપયોગથી થતી આડ અસરોના કારણે પણ કેટલોક વર્ગ 'ટોમેટિનો'ને વધુ પ્રાધાન્ય આપી રહ્યો છે. જો કે બીજી તરફ અનેક નાગરિકો આ પ્રકારના આયોજનને પાશ્ચાત્ય સંસ્કૃતિનું આક્રમણ ગણાવે છે. ગાંધીનગરમાં ઈન્ફોસીટી ખાતે યોજોયલ ટોમેટિનો ફેસ્ટ તથા ભાટ નજીક નારાયણની હાઈટ્સ ખાતે યોજાયેલ ટોમેટિનો ફેસ્ટિવલમાં મોટી સંખ્યામાં યુવાનો તથા પરિવાર સહિત નાગરિકો જોડાયા હતા.

# આજથી શહેરમાં બોર્ડની પરીક્ષા

**જિલ્લામાંથી ૫૨૮૬૨ વિદ્યાર્થીઓ કસોટી આપશે : ધોરણ -૧૦ અને ૧૨ ની પરીક્ષા માટે જિલ્લામાં ૪૪ કેન્દ્રો અને ૧૫૫ શાળામાં બેઠક વ્યવસ્થા : શિક્ષણમંત્રી વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી પરીક્ષાનો પ્રારંભ કરાવશે : વિદ્યાર્થીઓની મુંઝવણ દુર કરવા માટે કન્ટ્રોલ રૂમ અને હેલ્પલાઇન કાર્યરત : ગેરરીતી ન થાય તે માટે પરીક્ષાખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ વર્ગ-૧ ના સ્કોવોર્ડના અધિકારીઓ પણ રાઉન્ડ લેશે : શાંતિ અને સલામતી જાળવવા પુરતો બન્દોબસ્ત**

ગાંધીનગર તા ૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી બોર્ડ પરીક્ષાનો આજથી પ્રારંભ થશે. જિલ્લામાંથી અંદાજિત ૫૩ હજાર વિદ્યાર્થીઓ એસ એસ સી અને એચ એસ સી ની પરીક્ષા આપશે. જિલ્લામાં ૪૪ પરીક્ષા કેન્દ્રો પર ૧૫૫ શાળાઓમાં ૫૨૮૬૨ પરીક્ષાર્થીઓ માટે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી ટી વી કેમેરાની વોચ ઉપરાંત બોર્ડ દ્વારા નિયત કરાયેલા વર્ગ-૧ ના અધિકારીઓ પરીક્ષા કેન્દ્રો પર રાઉન્ડ લેશે. સે-૨૩ સ્થિત આર જી કન્યા વિદ્યાલય ખાતે સવારે ૯ કલાકે શિક્ષણમંત્રી નાનુભાઈ વાનાણી તેમજ સે-૮ સેન્ટ ઝેવિયર્સ શાળામાં શિક્ષણમંત્રી જયદ્રથસિંહ પરમાર હાજરી આપી પરીક્ષાર્થીઓને ગુલાબનુ ફુલ આપી શુભેચ્છા પાઠવશે.




ગુજરાત માધ્યમિક શિક્ષણ બાર્ડ દ્વારા આજથી શરૂ થનારી ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહયો છે. સવારે ૯ કલાકે નગરની વિવિધ ત્રણ શાળામાંથી શિક્ષણમંત્રી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી પરીક્ષાનો શુભારંભ કરાવશે. જિલ્લામાંથી અંદાજે ૫૩ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજરી આપશે. જેમાં ધોરણ -૧૦ માં ૩૧૪૯૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ માટે ૨૮ કેન્દ્રો તેમજ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં રિસર્વેની કામગીરીમાં ભૂલોની વ્યાપક ફરિયાદો

ગાંધીનગર તા ૧૪

રાજય સરકાર દ્વારા હાથ ધરાયેલ જમીન રીસર્વેની કામગીરીમાં ગાંધીનગર જિલ્લામાં જ ભગો ચિતરાયેલો છે. જમીન રીસર્વેની કામગીરીના અંતે જિલ્લામાં ભુલોની ભરમાર હોવાની વ્યાપક ફરિયાદોએ સરકારના દ્વારે દસ્તક દીધી છે. રીસર્વેમાં ક્ષતિઓ અંગે ગાંધીનગર તાલુકામાં ૨૩૯,દહેગામ તાલુકામાં ૫૨૧, કલોલમાં ૮૮૩ અને માણસા તાલુકામાંથી ૬૦૭ ફરિયાદો મળી છે. ચારેય તાલુકામાંથી કુલ ૨૨૫૦ ફરિયાદો સરકારને મળી છે. સાણંદના કરમશી પટેલ દ્વારા મહેસુલ મંત્રીને પુછાયેલા આ પ્રશ્નના લેખિત જવાબમાં જણાંવાયા મુજબ રીસર્વેની



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

કામગીરીમાં ભુલો સુધારવા માટે ઝુંબેશ હાથ ધરી તમામ મહેસુલી અધિકારીઓને ગામોની મુલાકાત લઈ ક્ષતિ સુધારણા માટે સુચના આપવામાં આવી છે. ફરિયાદોનુ તાલુકાવાર અલગ રજીસ્ટ્રર રાખી ખેડુતોને અગાઉથી જાણ કરી સરવેયર દ્વારા સ્થળ મુલાકાત લઈ ફરિયાદના નિકાલની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જરૂર જણાંય તો સરવે નંબરની પુન : માપણી અને રેકર્ડમાં જરૂરી સુધારા કરવામાં આવે છે. મહેસુલ મંત્રીએ જમીન રીસર્વ અંગેની કામગીરીમાં રહેલી ક્ષતિઓના ઉત્તરમાં વધુમાં જણાંવ્યુ હતુ કે રાજયમાં ૮૦ થી ૧૦૦ વર્ષના અંતે જમીન રીસરવેનુ કામ હાથ ધરાયુ છે. ખેડુતોની જમીન ભુલો વગરની આખરી થાય તે માટે અલગ મહેકમ ઉભુ કરી ફરિયાદોના નિકાલ માટે કાર્યવાહી શરૂ કરી છે.

**જિલ્લાની ગ્રામ પંચાયતોને સફાઇકરના બદલામાં ૩.૬૮ કરોડની ગ્રાન્ટ**

ગાંધીનગર જિલ્લાની ગ્રામ પંચાયતોમાં સફાઈ કરના બદલામાં રાજય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે ? તાલાલાના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના પ્રશ્નના જવાબમાં પંચાયત મંત્રીના જણાંવ્યા મુજબ સફાઈ કરની વસુલાત સામે ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ આપવામાં આવે છે. જેમાં છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના ગામોમાં વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન કુલ ૧,૭૨,૧૪,૦૦૦ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જયારે વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ૨૫૦ ગામોને ૨,૧૮,૫૪૦૦૦ ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જેમાં સૌથી વધુ રકમ દહેગામ તાલુકાના ગામોને ફાળવવામાં આવી છે. છેલ્લા બે વર્ષમાં ગ્રામ પંચાયતોને રૂ ૩.૬૮ કરોડની ગ્રાન્ટ સફાઈ કરના બદલામાં આપવામાં આવી છે.

**જિલ્લાની ૩૦ ગ્રામ પંચાયતોના ઘર જર્જરિત હાલતમાં**

ગાંધીનગર જિલ્લામાં ૩૦ ગ્રામ પંચાયતોના ઘરા જર્જરિત હાલતમાં છે. જયારે સૌથી વધુ ૧૬ જર્જરિત મકાનો દહેગામ તાલુકામાં છે. જિલ્લાના જર્જરિત પંચાયત ઘરોની સંખ્યા કેટલી અને આ માટે મરામત કરવા કેટલી

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાની ૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરાયો

**કલોલ-માણસાના મોટા ભાગના ગામોમાં ચૂંટણી, ગાંધીનગરમાં અને દહેગામમાં પણ ચૂંટણી હેઠળના ગામ ઓછા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાની ૯૪ ગ્રામ પંચાયતો સહિત રાજ્યની ૧૮૦૦થી વધુ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે આજે રાજ્ય ચૂંટણી પંચે જાહેરાત કરી છે. રાજ્ય ચૂંટણી પંચે આજે આ બીજા તબક્કાની સામાન્ય ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરતાં જણાવ્યુ છે કે ચૂંટણી માટેનું જાહેરનામુ ૧૮મીએ જાહેર થશે અને એ સાથે જ ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. જે ૨૩મી માર્ચ સુધી ભરી શકાશે.

ઉમેદવારી પત્રોની ચકાસણી ૨૪મીના રોજ હાથ ધરાશે જ્યારે ૨૫મી માર્ચ સુધી ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે. આ ચૂંટણી મોટ ૮મી એપ્રિલે મતદાન યોજાશે અને ૧૧મી એપ્રિલે તાલુકા મથકો પર મત ગણતરીની કામગીરી હાથ ધરવામાં આવશે. પંચાયતોની આ બીજા તબક્કાની ચૂંટણી માટે આજથી જ ગ્રામ્ય વિસ્તારમાં આચાર સંહિતાનો અમલ શરૂ થઈ જશે તેમ પંચે જણાવ્યુ છે.

બીજા તબક્કાની આ ચૂંટણીમાં ૧૮૨૮ સરપંચ અને ૧૬૦૮૨ વોર્ડ સભ્યો ચૂંટવામાં આવશે. જિલ્લામાં માણસા, કલોલ, ગાંધીનગર તેમજ દહેગામમાં આ ચૂંટણીઓ યોજાશે. જો કે મોટાભાગની પંચાયતો માણસા અને કલોલની જ છે.

## મનપાની સ્થાયી સમિતિએ ભરતી નિયમો મંજૂર કર્યા પણ સર્વિસ રૂલ્સને મંજૂરી મોકુફ

**સાત નવી આંગણવાડીઓ માટે ૭૯ લાખ ખર્ચાશે રેકર્ડ જાળવણી માટે કોમ્પેક્ટર રૂમ બનાવવાને પણ મંજૂરી**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠક ભરતી માટેના નવા નિયમો તૈયાર કરાયા છે તેને મંજૂરી આપી છે અને હવે તે આગામી સામાન્ય સભામાં બહાલી માટે રજુ કરવામાં આવશે. જો કે આજની સ્થાયી સમિતિએ સર્વિસ રૂલ્સને બહાલી આપવાની કામગીરી હાલ પૂરતી મોકુફ રાખી છે.

આજે બપોરે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ખંડમાં સ્થાયી સમિતિની મહત્વની બેઠક મળી હતી.

આ બેઠકમાં મનપાની કચેરીના રેકર્ડની જાળવણી માટે એક કોમ્પેક્ટર રૂમ બનાવવા માટેના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવી છે અને ઝડપથી રેકર્ડ માટે કોમ્પેક્ટર રૂમ તૈયાર થાય તે જોવા કમિશનરને પણ વિશેષ ભલામણ કરવામાં આવી છે.

સાતમા પગારપંચની ભલામણોના અમલ માટે સરકાર તરફથી મંજૂરી મળતાં હવે કર્મચારીઓને એરિયર્સ સહિત તે ચુકવી આપવાની પણ મંજૂરી આજે સ્થાયી સમિતિએ આપી દીધી છે.

સ્થાયી સમિતિની આજની બેઠકમાં કર્મચારીઓની ભરતી-બઢતી માટેના નિયમોને બહાલી આપવામાં આવી છે. આ નિયમો હવે સામાન્ય સભાની મંજૂરી માટે રજુ કરવામાં આવશે. જો કે આજની સમિતિની બેઠકે સર્વિસ રૂલ્સનો મુદ્દો મોકુફ રાખેલ છે.

આજની બેઠકમાં એડવાન્સ ટેક્ષ ભરનારને ૧૦ ટકા વળતરની યોજના તેમજ ઓનલાઈન પેમેન્ટ કરનારને વધારાના ૨ ટકા વળતર આપવાની યોજનાને પણ બહાલી આપવામાં આવી છે. આમ હવે ઓનલાઈન એડવાન્સ ટેકસ ભરનારને ૧૨ ટકા વળતર મળશે. ૧લી એપ્રિલથી આ યોજનાનો આરંભ થઈ રહ્યો છે.

મનપાની સ્થાયી સમિતિએ સાત જેટલી આંગણવાડી કેન્દ્રોના નિર્માણ માટે મંજૂરી આપી છે. આ આંગણવાડી કેન્દ્રો બાસણ, સેક્ટર-૧૩, ૨૪, ૬, ૧૬, ૨૦ અને ૨૭માં બનાવવામાં આવશે. આ માટે ૭૯ લાખ રૂ.નો ખર્ચ કરવામાં આવનાર છે.

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

**ખોવાયેલ છે**
પથિકાશ્રમ પાછળથી કોર્ટ સુધીના માર્ગમાં મહત્વના કાગળોવાળી થેલી ખોવાયેલ છે. જેમાં લિવિંગ સર્ટીફિકેટ, પાસબુક અને અગત્યના કાગળો હતા.
પત્તો આપનારને યોગ્ય બદલો અપાશે.
સંપર્ક – મો. ૭૩૮૩૬૦૪૬૧૧
પુરણસિંહ પી. ચૌહાણ
એ-૪, ગ્રીનસીટી, વાવોલ, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

**જગ્યા ભાડે આપવાની છે**
ઈન્ફોસીટી સુપર મોલ-૧
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫,
સબ-વેની બાજુમાં
આશરે ૨૩૩ ચો. ફુટ
ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com